પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./સ્કાય લેન્ટર્ન/ચા.દોરા/ ૨૧૨૪૮ /૨૦૨૦, વડોદરા, તારીખ ૧૮/૦૧/૨૦૨૧

**<u>ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩( ૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (ખ) (ભ) ૧૧૩ અન્વયે કાઢેલ હુકમ</u> :-**

તારીખ ૧૪/૦૧/૨૦૨૧ નારોજ વડોદરા શહેરમાં મકરસંક્રાંતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને વડોદરા શહેર વિસ્તારમાં (A) જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર પતંગ ઉડાડી વ્યક્તિઓની જાનમાલને નુકશાન થવાનો સંભવ હોય તેમજ લાઉડસ્પીકર અવાજના ઘોઘાંટથી જાહેર જનતાને ત્રાસ થવા સંભવ હોય તેમજ ઉપર ઉશ્કેરણી જનક લખાણથી બીજી વ્યક્તિઓની લાગણી દુભાય તેવું સંભવ હોય, (B) કેટલાંક લોકો જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપરથી સળગતી ફાનસ (ટુક્કલ) પતંગ કે ફુગ્ગા સાથે દિવસે કે રાત્રે ચઢાવવામાં આવે છે. વડોદરા શહેરમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય જેથી આવા કૃત્યોથી ગંભીર અકસ્માત થવાનો તથા વ્યક્તિઓની જાનમાલને નુકશાન થવાનો સંભવ છે. (C) જાહેરમાર્ગ તથા જાહેર સ્થળો ઉપર અમુક ગૌપાલકો ઢોરોને ચારો નાંખતા હોય છે તથા ચારાનો વેચાણ કરતાં હોય, જેથી ટ્રાફિક નિયમન કામગીરીમાં નડતર થવા સંભવ હોય, જેના લીધે લોકોને ભય હરકત અને આવાગમણ ટ્રાફિકને અડચણ થાય છે. જેથી કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સલામતી સાચવવા તે પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી છે. (D) કેટલાંક લોકો જાહેર માર્ગો, રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઇ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરતાં હોય છે, જેના કારણે અકસ્માત થતા હોય છે તેમજ ટ્રાફિકને અડચણ થાય છે અને ટેલીફોન, ઇલેક્ટ્રીકના તાર ઉપર લંગર નાંખી ભેરવાયેલા પતંગ અને દોરાઓ કાઢવાના પ્રયત્નો કરતાં હોય છે તે સમયે બે ઇલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા તાર તૂટી જવાની સંભાવના રહેલી છે.

(૧) પતંગ ઉડાવવા માટે ઘણાં લોકો ચાઇનીઝ દોરાથી તેમજ પ્લાસ્ટીકના દોરાથી પતંગ ઉડાડતા હોય છે. ચાઇનીઝ દોરા કે પ્લાસ્ટીકનો દોરો કોઇ વ્યક્તિના શરીર ઉપર ઘસાતાં મહાવ્યથા/મૃત્યુ પણ નિપજેલ છે.

(૨) ચાઇનીઝ દોરીમાં પ્લાસ્ટીકનો ઉપયોગ થતો હોય નાશ નહિં થાય તેવો ઘન કચરો ઉત્પન્ન થાય છે, જે પર્યાવરણને હાનીકારક છે.

(૩) ચાઇનીઝ ઇલેક્ટ્રીક વાયરના ચાલુ પ્રવાહ ઉપર પડવાથી અથવા ઘસારાથી વિધૃત પ્રવાહ ચાલુ થાય છે. જેને અડકવાથી મૃત્યુ પણ નિપજે છે.

વાસ્તે, હું આર.બી.બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ (G.P.Act)ની કલમ ૩૩(૧) (ખ) (ભ) ૧૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૦૧/૦૧/૨૦૨૧ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૧૫/૦૧/૨૦૨૧ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું. આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ.૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ (G.P.Act) ૧૯૫૧ની કલમ ૧૩૧, ૧૧૭ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

-: <u>પ્રતિબંધિત કૃત્યો</u> :-

(A) કોઇપણ વ્યક્તિ અગર ઇસમોએ જાહેરમાર્ગ કે, મકાનના ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસરથી વ્યક્તિઓની જીંદગી ભયમાં મુકાય, મિલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાવવા કે લૂંટવા નહીં કે પતંગ ઉપર કોઇપણ જાતના ઉશ્કેરણી જનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહીં કે રાખવા નહી. વધુ પડતાં અવાજ કરે અને ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે લાઉડસ્પીકર વગાડવા નહી કે આવા અવાજ કરી ચેનચાળા કરવા નહી.

(B) કોઇપણ વ્યક્તિ અગર ઇસમોએ જાહેરમાર્ગ કે મકાનના ધાબા ઉપરથી સળગતી ફાનસ (ટુક્કલ્સ) પતંગ કે ફુગ્ગા સાથે દિવસે કે રાત્રે ચઢાવવામાં આવે છે, જેથી આવા કૃત્યોથી ગંભીર અકસ્માત થવાનો તથા વ્યક્તિઓના જાનમાલને નુકશાન થવાનો સંભવ હોય, કોઇએ આ પ્રકારનું કૃત્ય કરવું નહી.

(C) કોઇપણ વ્યક્તિ અગર ઇસમોએ જાહેરમાર્ગ તથા જાહેર સ્થળો ઉપર તેઓના ઢોરો રાખી ચારો ચરાવવો તથા ચારાનો વેચાણ કરવા ઉપર પ્રતિબંધ.



Scanned with CamScanner

(D) (૧) કોઇપણ વ્યક્તિઓએ જાહેરમાં ચાઇનીઝ/પ્લાસ્ટીકના દોરા વેચવા અથવા ઉપયોગ કરવા તથા ચાઇનીઝ દોરી, સિન્થેટીક ચાઇનીઝ દોરી, નાયલોન દોરી અથવા ચાઇનીઝ માંઝા અથવા કાંચ પાયેલી અથવા અન્ય હાનિકારક પદાર્થનું કોટીંગ ધરાવતી કોટન દોરીની આયાત / ઉપલબ્ધી (PROCUREMENT) વેચાણ / સંગ્રહ ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકુ છુ.

(૨) ટેલીફોન, ઇલેક્ટ્રીક તાર ઉપર ચાઇનીઝ કે પ્લાસ્ટીકના દોરાથી લંગર નાંખવા ઉપર/જાહેર રસ્તા ઉપર પતંગ ચગાવવા ઉપર પ્રતિબંધ.

(૩) ચાઇનીઝ ફાનસ (ચાઇનીઝ લેન્ટર્ન) વેચાણ કરવા/ચગાવવા ઉપર પ્રતિબંધ.

**<u>સ્પષ્ટીકરણ</u> :** રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી તેમજ આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર રેટમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નર દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :-૨૮- માહે - ડીસેમ્બર - ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જયભારતસહ નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૨) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૬) મેનેજરશ્રી.સરકારી પ્રેસ.વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૮) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**ર/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**

D/E:\yogita\me\Chinise Dora Kite Day.docx

Scanned with CamScanner